આંક–

| | |
|---|---|
| રજુ તા. | ૨૪/૧૨/૨૦૧૩ |
| દાખલ તા. | ૨૪/૧૨/૨૦૧૩ |
| ફેસલ તા. | ૦૬/૦૯/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ:૦૯ માસ:૦૮ દિવસ: ૧૩ |

**મહેરબાન મજુર અદાલત, સુરતના પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી જી.જે.થોરીયા સમક્ષ**

**રેફરન્સ(LCS) નંબર : ૧૭૫/૨૦૧૩**

**<u>પ્રથમ પક્ષકાર</u> :** શાહ એન્ટરપ્રાઈસ
સીતા હોસ્પિટલની પાછળ,
રીંગ રોડ, ખટોદરા, સુરત

**વિરુધ્ધ**

**<u>સામાવાળા</u> :** નિકુંજ ગોપાળભાઈ મહૈસકર
ફ્લેટ નં.૧૧૧ વિશ્રાતિ એપાર્ટમેન્ટ, નવયુગ કોલેજની પાસે,
રાંદેર રોડ, સુરત
ભાઈલાલ બી.વૈષ્ણવ, પ્રમુખ
ગુજરાતપ્રદેશ મહાનગરપાલીકા કર્મચારી કોંગ્રેસ.
૩૦૯, ન્યુ ઓપેરાહાઉસ, બમરોલીરોડ, ખટોદરા સુરત.

**<u>હાજર રહયા :</u>** પ્રથમ પક્ષકાર તરફે વિધ્વાન વકીલશ્રી મુકેશ બી.ખાખરીયા
બીજા પક્ષકાર તરફે :– પ્રતિનિધિશ્રી ભાઈલાલભાઈ વૈષ્ણવ

**<u>–:: એવોર્ડ::–</u>**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર અને અનુક્રમે ''**સામાવાળા**'' અને '' **અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના કામદાને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતની કચેરી, સુરત સમક્ષ તે અંગેનો ઔદ્યોગિક વિવાદ ઉત્પન્ન કરેલ પરંતુ ત્યાં આગળ સદરહુ વિવાદનું સમાધાન નહીં થતા ઔદ્યોગિક વિવાદ ધારો –૧૯૪૭ની કલમ–૧૦(૧)મુજબ મદદનીશ શ્રમ આયુકતની કચેરી,સુરતે તેઓના પત્ર ક્રમાંક નંબર **૧૨૭૫૪/૨૦૧૩ તારીખ : ૧૮–૧૨–૨૦૧૩** ધ્વારા અત્રેની કોર્ટ અને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા સારુ સુપ્રત કરેલ છે. જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**''શ્રી નિકુંજ ગોપાળભાઈ મહૈસકર ને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?''**

(૩) આ કામમાં અરજદાર તરફથી **આંક–૪** થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેની મુખ્ય હકિકત નીચે મુજબની છે.

**(૩.૧)** જેમાં તેઓ જણાવે છે કે , બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં તા.૦૮/૦૨/૨૦૧૦ થી સર્વિસ એન્જીનીચરના હોદ્દા ઉપર માસીક રૂા.૫૩૯૦/– અને રૂા.૪૬૧૦/– ના ભાડા ભથ્થા સાથે ફરજ બજાવતા હતા. બીજા પક્ષકાર નોકરીમાં ભરતી પ્રક્રિયા બાદજોડાયેલ હતા અને નોકરી સંર્પૂણ ખંત અન નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તેઓની ફરજ નિષ્કલંક અને દાગ રહિત હતી. બીજા પક્ષકારને લઘુતમ વેતન કરતા ઓછુ વેતન ચુકવવામા આવતુ હતુ.

**(૩.૨)** બીજા પક્ષકારને સર્વિસની કામગીરી અંગે જયા પણ મોકલાવે ત્યા ફરજ બજાવવા જતા હતા અને તા.૧૫/૭/૨૦૧૩ ના રોજ બીજા પક્ષકારને સંસ્થાના કામે વાપી ખાતે આવેલ જી.એસ.આર.ટી.સી. ના બસ ડેપોના સી.એન.જી. પેટ્રોલ પંપ ના રીપેરીગના કામ માટે મોકલેલ હતા જે પુરુ કરી તેજ દિવસે સાંજે સુરત આવવા વાપી સ્ટેશને મુંબઈ અમદાવાદ પેસેંજર ટ્રેનમાં ચઢતા જતા પાણીને કારણે ડબ્બાના પગથીચાથી અકસ્માત પગ સ્લીપ થયેલ જેના કારણે અરજદારનો ડાબો પગ રેલમાં ગુઠણ નીચેથી કપાઈ ગયેલ અને અરજદારને અર્ધબેભાન હાલતમા વાપી ખાતે આવેલ હરીયા હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામા આવેલ જયા પ્રાથમિક સારવાર બાદ વઘુ ઘનિષ્ઠ સારવારની જરૂર જણાતા સારવાર કરનાર ડોકટરએ સુરતની એપલ હોસ્પિટલમાં રીફર કરેલ અને અરજદારને બે મહિના સુધી સારવાર હેઠળ હતા. ત્યાર બાદ અરજદાર

સામાવાળા કંપનીમાં કામ માટે ગયા ત્યારે તેઓને ફરજ ઉપર હાજર કરેલ નહી અને અરજદારે સામાવાળાની ફરજ બજાવતા શરીરનો અગત્યનો અવયવ ગુમાવેલ છતાં સામાવાળાએ અરજદાર પ્રત્યે સહાનુભુતિ બતાવેલ નહી અને અરજદારને કોઈ પણ વાંક ગુન્હા વગર મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરી દીધેલ તેમજ નોકરીમાંથી છુટા કરતા પહેલા અરજદારનો ખુલાસો માંગવામાં આવેલ નહી કે અરજદારને કોઈ કારણદર્શક નોટીસ કે મેમો ચાર્જશીટ આપવામાં આવેલ નહી કે તપાસ કરવામાં આવેલ નહી માત્ર મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ જે સામાવાળાનું આ કુત્ય કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનું છે.

**(૩.૩)** વધુમાં જણાવેલ છે કે , અરજદાર તા.૮/૨/૨૦૧૦ થી તા.૧૫/૦૭/૨૦૧૩ સુધી ખંત અને ધગશપૂર્વક પોતાની ફરજ બજાવેલ અને ચાલુ નોકરી દરમ્યાન તેઓને ગંભીર ઈજા થયેલ અને તેના કારણે તેઓ ગેરહાજર રહેતા હતા. આ બાબતની જાણ સામાવાળાને હોવા છતાં તેઓએ અરજદાર ઉપર કિન્નાખોરી રાખી નોકરીમાંથી છુટા કરેલ. અરજદાર રોજેરોજ સંસ્થામાં કામ માટે જતા પરંતુ સામાવાળા તેઓને હાજર ન કરતા. સામાવાળાનું આ કુત્ય એક તરફી, મનસ્વી, જોહુકમીવાળો ગેરકાનુની, અન્યાયી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરુધ્ધનો છે. તેથી સામાવાળાના હુકમ વિરુધ્ધ અરજદારે મે.મદદનીશ શ્રમ આયુકતશ્રી સાહેબને રજુઆત કરેલ અને તેઓએ સામાવાળાનુ રૂબરુ બોલાવેલ પરંતુ સામાવાળા મહેરબાન મદદનીશ શ્રમ આયુકત સમક્ષ હાજર રહેતા નહી અને કોઈ જવાબ પણ રજુ કરેલ નહી. જેથી નોકરીમાં પગાર ભથ્થા સાથે પુન:સ્થાપિત કરે તે માટે કેસ કરેલ છે. તેથી અરજદારને તા.૧૬/૭/૨૦૨૩ ના રોજ છુટા કરવાનું કુત્ય ગેરકાયદેસર, અન્યાયી, કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરુધ્ધ તેથી અરજદારને પડેલા દિવસોના પુરા પગાર, સળંગ નોકરી સાથે અને તમામ લાભો સહિત અને ખર્ચ સહિત પુન:સ્થાપિત કરવાની દાદ માંગેલ છે.

(૪) સામાવાળા સંસ્થાઓએ **આંક–૫** ના ઓએ પોતાનો જવાબ રજૂ કર્યો છે જેની મહત્વની, મહદઅંશે હકિકતો નીચે મુજબની છે.

**(૪.૧)** સામાવાળાનું કથન છે કે, અરજદારની માંગણી ખોટી અને કબુલ, મંજુર નથી. સામાવાળા પાર્ટનરશીપ કાયદા હેઠળ પાર્ટનરશીપ ફર્મ હેઠળ રચના થયેલ

છે જે મે.શાહ એન્ટરપ્રાઈસના નામે ઓળખાય છે, સામાવાળાના સરનામે આશરે ૬૦–૬૫ કર્મચારી કામ કરતા અને તેઓને કર્મચારી લેબર કાયદા હેઠળના તમામ પી.એફ., ઈ.એસ.આઈ.સી., પ્રોફેશનલ ટેક્ષ, ધી લઘુતમ વેતન એકટ ૧૯૪૮, ધી પેમેન્ટ ઓફ બોનસ, ૧૯૬૫ હેઠળ આવરી લેવામાં આવેલ. સામાવાળા ગુમાસ્તા ધારા (Bombai Shops & Establishment Act, 1948) અને '' મીલજીન મશીનરી પાર્ટ લઈને વેચવાનુ અને એર કોમ્શર સર્વિસ'' હેઠળ કાર્યરત હતા અને તેના માટે સામાવાળા ધ્વારા ''નિષ્ણાંત ઈન્જીનિયર'' તેમજ ''ટેકનિશયન'' ની નિમણૂંક કરવામાં આવેલ. તદૃઉપરાંત સામાવાળા ધ્વારા કોમ્પ્રેસર અને સી.એન.જી પંપનું સ્થળ પર જઈ રીપેરીંગ કરવામાં આવે છે. આ સરજી સાથે ગુમાસ્તા ધારાનુ લાઈસન્સ બિડેલ. સામાવાળા ધી લઘુતમ વેતન એકટ ૧૯૪૮ના કાયદાનું પાલન કરે છે અને કામદારને લઘુતમ વેતન કરતા વધુ વેતન આપવામાં આવે છે.

(૪.૨)વધુમાં ખરી હકિકતે જણાવેલ છે કે, અરજદારનુ નિમણૂંક તા.૦૧/૦૩/૨૦૧૩ ના રોજ ''સર્વિસ ઈન્જીનિયર'' તરીકે રૂા.૧૦,૦૦૦/– વેતન અને રૂા.૧૦,૦૦૦/– વાર્ષિક બોનસ હેઠળ શ્રી ગીરીશભાઈ રોનવેલિયાના ( હેડ ઓફ સી.એન.જી ડિવિઝન) દેખરેખ હેઠળ નિમણૂંક કરેલ હતી. સામાવાળા ધ્વારા અરજદારનું ઈ.એસ.આઈ.સી. માં નિમણૂંક સાથે રજીસ્ટેશન કરવામાં આવ્યુ હતુ જેમા અરજદારનો ઈ.એસ.આઈ.સી. નંબર:૩૯૦૮૦૦૫૬૧ હતો. સામાવાળા તરફથી ઓફર લેટર કે જેમા અરજદારે સ્વીકાર કરી સહિ કરી હતી અને પગાર ચિઠ્ઠીની માર્ચ ૨૦૧૩ અને જુન ૨૦૧૩ નકલ આ અરજી સમક્ષ બિડેલ છે.

(૪.૩) વધુમા જણાવેલ છે કે, તા.૧૫/૭/૨૦૧૩ ના રોજ અરજદારનું અકસ્માતની જાણ થતા સામાવાળા તરફના પ્રતિનિધિશ્રી આશિષભાઈ પટેલ ધ્વારા તાત્કાલિક સારવાર માટે હારિયા હોસ્પિટલમા દાખલ કરવામા આવેલ ત્યારાબાદ તેઓને વધુ સારવાર માટે સુરત ખાતે ''એપલ હોસ્પિટલમાં'' દાખલ કરેલ હતા. જેમાં અરજદારને વાપી થી સુરત Ambulance લાવવાનો ખર્ચ રૂા.૫૦૦૦/– સામાવાળાએ કરેલ તથા સારવાર પેટે રૂા.૨૦,૦૦૦/– અરજદારને બેંક ખાતામાં જમા કરાવેલ જે આ તમામ ખર્ચની નકલ આ અરજી સાથે બિડેલ છે તેમજ તેની સાથે સાથે

સામાવાળા દ્વારા ઈ.એસ.આઈ.સી. ની કચેરીમાં અકસ્માત અંગેની માહિતી ૨૪ કલાકમાં આપવામા આવેલ હતી. તદૃઉપરાંત આ અંગે ઈ.એસ.આઈ.સી માંથી ઈન્સ્પેકટર દ્વારા સંસ્થા પર આવી અકસ્માત અંગેની વિઝિટ પણ કરી ગયેલ. જે અંગે સામાવાળાએ ઈ.એસ.આઈ.સી. માં સબમીટ કરાવેલ Accident Report Form-12 અને અકસ્માત રજીસ્ટરની એટલે વિઝિટ બુકની નકલ અરજી સાથે બિડેલ છે.

**(૪.૪)** વધુમા જણાવેલ છે કે, સામાવાળાએ ઈ.એસ.આઈ.સી.મા લાભ લેવા માટે તેની મંજુરી પ્રાપ્ત કરેલ. પરંતુ અરજદાર તરફથી ઈ.એસ.આઈ.સી. હોસ્પિટલમાં મળવાપાત્ર સુવિધાઓની અવગણના કરવામા આવેલ અને સતત ૨ મહિના સુધી સ્વખર્ચે '' એપલ હોસ્પિટલમાં'' સારવાર લીધેલ. સામાવાળાા તરફથી તમામ કર્મચારીઓ માટે Mediclaim અને Accident Policy પણ લીધેલ જેનુ પ્રિમિયમ સામાવાળા દ્વારા સમયસર રીતે ભરવામાં આવેલ. સામાવાળા દ્વારા સમયસર રીતે માહિતી આપવાથી ઈ.એસ.આઈ.સી. અને Bajaj Alliance દ્વારા Accident Policy હેઠળ અરજદારને આશ્રે રૂા.૧,૦૮,૦૦૦/– ની નાણાકીય સહાય અરજદારને પ્રાપ્ત થયેલ હતી. જે અંગેની સંમતિ અરજદાર દ્વારા મૌખિક રીતે શ્રી લેબર કમિશનરની સમક્ષ કબુલાત કરવામાં આવેલ હતી. તદૃઉપરાંત ઈ.એસ.આઈ.સી. દ્વારા Temporary Disable Benefit હેઠળ પડેલા દિવસના પગાર સહિતની તારીખ : જુલાઈ ૨૦૧૩ થી ડીસેમ્બર ૨૦૧૩ નો આશરે ૫૪૦૦૦/– પગાર પેટે મળેલ હતી જે અંગેની નકલ આ અરજી સાથે બિડેલ છે.

**(૪.૫)** વધુમાં જણાવેલ છે કે, સામાવાળાએ અરજદારને લેખિત કે મૌખિક રીતે નોકરીમાંથી કાઢવાનો હુકમ કરેલ ન હતો પંરતુ અરજદાર પાસે લેબર કમિશનરની કચેરીમાં "Service Engineer" તરીકે કાર્ય કરી શકે તે અંગેનું Fitness Certificate માન્ય ડોકટર પાસેથી માંગવામા આવેલ હતું જે અરજદારે રજુ કરેલ ન હતુ તેમજ વધુમાં જણાવેલ છે કે અરજદારને જુલાઈ–૨૦૧૩ થી ડીસેમ્બર– ૨૦૧૩ સુધીના પગાર ઈ.એસ.આઈ.સી. દ્વારા સમયસર રીતે આપવામા આવેલ જે અધિકુત નકલ બિડેલ છે. સામાવાળાના મોટે ભાગના અસીલો સુરત બહારના આવેલ છે અને વારંવાર સુરતથી બહાર જવાનુ રહેતુ હોય અને સામાવાળા ભવિષ્યમાં આવી બીજી કોઈ હોનારત નહી થાય તે માટે તકેદારી

રાખશે અને અરજદારે સંસ્થામા ફરી પુન:સ્થાપિત કરવા કે દાદ નહી આપવા વિનંતી કરેલ છે.

(૫) આ કામે બીજા પક્ષકાર તરફથી નીચે મુજબના મૌખિક પુરાવો રજૂ કરેલ છે પરંતુ કોઈ દસ્તાવુજી પુરવા રજુ કરેલ નથી.

**::– મૌખિક પુરાવો –::**

| અનુક્રમ નં. | દસ્તાવેજી પુરવા | નિશાની/આંક |
|---|---|---|
| ૧ | બીજા પક્ષકાર નિકુંજ ગોપાળભાઈ મહૈસકર ની સોગંદનામાથી સર તપાસ | આંક–૯ |

આંક–૩૨ થી બીજા પક્ષકાર તર્ફે પુરાવા બંધ થયાની કલોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવેલી છે.

(૬)આ કામે પ્રથમ પક્ષકાર તરફથી કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી જેથી તા.૨૫/૪/૨૦૨૩ ના રોજ રોજકામમા મૌખિક પુરાવા રજુ કરવાનો હકક બંધ કરેલ છે. જયારે દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબના રજૂ થયેલ છે.

**::– દસ્તાવેજી પુરાવો –::**

| અનુક્રમ નં. | દસ્તાવેજી પુરવા | નિશાની/આંક |
|---|---|---|
| ૧ | ગુમાસ્તા ધારાનું લાઈસન્સ | નિ.૬/૧ |
| ૨ | ઓફર લેટર કોપી | નિ.૬/૨ |
| ૩ | પગાર ચિઠ્ઠીની નકલ માર્ચ–૨૦૧૩ અને જુન–૨૦૧૩ | નિ.૬/૩ |
| ૪ | AMBULANCE ખર્ચની નકલ | નિ.૬/૪ |
| ૫ | બેંક ખાતાની નકલ | નિ.૬/૫ |
| ૬ | અકસ્માત રીર્પોટ ફોર્મ નંબર–૧૨ | નિ.૬/૬ |
| ૭ | અકસ્માત રજીસ્ટર નકલ | નિ.૬/૭ |
| ૮ | પોલિશીની નકલ | નિ.૬/૮ |
| ૯ | BAJAJ ALLIANCE પેયમેન્ટ સેસ્ટમેન્ટ ની નકલ | નિ.૬/૯ |
| ૧૦ | ઈ.એસ.આઈ.સી.માંથી પગાર પેટે મળેલ નાણાની નકલ | નિ.૬/૧૦ |
| ૧૧ | ગુમાસ્તાધારાના લાઈસન્સની નકલ | નિ.૨૧/૧ |

| | | |
|---|---|---|
| ૧૨ | સ્વીકૃત કરેલ ઓફર લેટરની નકલ | નિ.૨૧/૨ |
| ૧૩ | માર્ચ–૨૦૧૩ થી જુન–૨૦૧૩ ની પગાર ચિઠ્ઠીની નકલ | નિ.૨૧/૩ |
| ૧૪ | લઘુતમ વેતનના દરની નકલ | નિ.૨૧/૪ |
| ૧૫ | એમ્બુલન્સ ખર્ચની પાવતીની નકલ | નિ.૨૧/૫ |
| ૧૬ | સારવાર પેટે જમા કરાવેલ રકમની બેંક સ્ટેટમેન્ટ ની નકલ | નિ.૨૧/૬ |
| ૧૭ | અકસ્માત રીપોર્ટ ફોર્મ નંબર–૧૨ ની નકલ | નિ.૨૧/૭ |
| ૧૮ | અકસ્માત રજીસ્ટરની નકલ | નિ.૨૧/૮ |
| ૧૯ | એકસિડન્ટ પોલીસીની નકલ | નિ.૨૧/૯ |
| ૨૦ | એકસિડન્ટ પોલીસીની પેઈ એડવાઈસ | નિ.૨૧/૧૦ |
| ૨૧ | E.S.I.C. માંથી પગાર પેટે મળેલ નાણાની પહોંચની નકલ | નિ.૨૧/૧૧ |
| ૨૨ | UN AUTHORISED LEAVE | નિ.૨૧/૧૨ |
| ૨૩ | E.S.I.C. એકટ ૧૯૪૮ ની કલમ ૫૩ ની નકલ | નિ.૨૧/૧૩ |

(૭) અરજદાર તરફે કોઈ દલીલ ન થતા તેઓનો દલીલનો હકક તા.૮/૮/૨૦૨૩ ના રોજના રોજકામમાં બંધ કરવામાં આવેલ છે. સામાવાળા તરફે મૌખિક દલીલ સાંભળી. પક્ષકારો તરફે કોઈ ચુકાદાઓ ઉપર આધાર રાખવામા આવેલ નથી.

(૮) ઉપરોકત ઔદ્યોગિક વિવાદના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ પડેલ પુરાવા અને પક્ષનિવેદન વંચાણે લેતા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– :: મુ દદા ઓ::–**

૧) શું આ કામના અરજદારને સામાવાળાઓએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલ છે?

૨) શું આ કામના અરજદાર પડેલ દિવસોના પગર સહિત નોકરીમાં પુન: સ્થાપિત થવાની દાદ કે અન્ય બીજી કોઈ દાદ મેળવવા મતદાન થાય છે?

૩) શું હુકમ?

**–::નિ ષ્ક ર્ષ::–**

1) નકારમાં

2) નકારમાં

3) આખરી હુકમ મુજબ

**–::પરામર્શ::–**

**મુદદા નંબર ૧ અને ૨ :–**

પ્રસ્તુત કેસમાં મુદા નં.૧ અને ૨ ની હકિકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોય બિનજરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બંને મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

**(૯)** આ કામે અરજદાર કોઈ પણ દાદ મેળવવા હકકદાર છે તે સાબિત કરવા માટે પ્રથમ તેઓએ કામદાર હોવાની અને ત્યારબાદ સળંગ નોકરી કરેલ હોવાનુ પુરવા કરવાનું રહે.

**(૯.૧)** અરજદારે તેના માંગણાના નિવેદન અને પુરાવાના સોંગદનામાં માં જણાવેલુ છે કે, તા.૦૮/૦૨/૨૦૧૦ થી સર્વિસ એન્જીનીયરના હોદ્દા ઉપર માસીક રૂા.પ૩૯૦/– અને રૂા.૪૬૧૦/– ના ભાડા ભથ્થા સાથે ફરજ બજાવતા હતા. બીજા પક્ષકાર નોકરીમાં ભરતી પ્રક્રિયા બાદજોડાયેલ હતા અને તેઓને તા.૧પ/૭/૨૦૧૩ ના રોજ અકસ્માત થયો ત્યા સુધી ફરજ બજાવેલી. સામાવાળાએ તેમના આંક–પ ના જવાબમાં કામદાર હોવાની હકિકત કબુલ રાખેલ છે અને માર્ક–૬/૨ થી ઓફર લેટર પણ રજુ કરેલ છે. તદ્ઉપરાંત બીજા પક્ષકારની પગાર પાવતીઓ પણ રજુ કરેલ છે. વધુમાં જવાબ આંક–પ માં એવી કોઈ તકરાર લેવામાં આવી નથી કે અરજદારે તા.૮/૨/૨૦૧૦ થી તા.પ/૭/૨૦૧૩ સુધી સતત અને સળંગ નોકરી કરેલ ન હોય. વધુમાં સામાવાળાએ કલમ–૨પ(બી) મુજબ સતત અને સળંગ નોકરી ન કરેલ હોવાના ખંડનાત્મક પુરાવા પણ રજુ કરેલ નથી. આમ, અરજદાર સામાવાળાના કામદાર હોવાનું અને કલમ–૨પ(બી) મુજબ સતત અને સળંગ નોકરી કરેલાની હકિકત મહદઅંશે બિનતકરારી,પડકારરહિત રહેલી છે.

**(૧૦)** હવે અરજદારને ગેરકાયદેસર રીતે છુટા કરેલા કે કેમ તે અંગે વિચારવાનું રહે છે.

**(૧૦.૧)** અરજદારના કથન પ્રમાણે તેણે સર્વિસની કામગીરી અંગે જયા પણ મોકલાવે ત્યા ફરજ બજાવવા જતા હતા અને તા.૧પ/૭/૨૦૧૩ ના રોજ બીજા પક્ષકારને સંસ્થાના કામે વાપી ખાતે આવેલ જી.એસ.આર.ટી.સી. ના બસ ડેપોના સી.એન.જી. પેટ્રોલ પંપ ના રીપેરીગના કામ માટે મોકલેલ હતા જે પુરુ કરી તેજ દિવસે સાંજે સુરત

આવવા વાપી સ્ટેશને મુંબઈ અમદાવાદ પેસેંજર ટ્રેનમાં ચઢતા જતા પાણીને કારણે ડબ્બાના પગથીયાથી અકસ્માત પગ સ્લીપ થયેલ જેના કારણે અરજદારનો ડાબો પગ રેલમાં ગુઠણ નીચેથી કપાઈ ગયેલ. ત્યારબાદ અરજદારે દવાખાનામાં સારવાર લીધેલ. વધુમાં અરજદારનુ કથન છે કે ઈજા થતા રજા ઉપર રહેવાની ફરજ પડેલ અને રજા બાદ ફરજ પર હાજર થવા જતા ફરજ પર હાજર કરેલ નહી.

**(૧૦.૨)** જે અંગે સામાવાળા તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે સુરત આવવા માટે અમદાવાદ પેસેન્જર ટ્રેનમાં પગ સ્લીપ થઈ જતા ડાબો પગ ગુઠણ નીચેથી ટ્રેનનુ વીહીલ ફરી જતા કપાયેલ છે. વધુમાં જણાવેલ છે કે, *''એ વાતની મને ખબર નથી કે ઈ.એસ.આઈ. ઈન્સ્પેકટરે હોસ્પિટલમાં વિઝિટ કરેલી. એ વાત ખરી છે કે અકસ્માત અંગે ઈ.એસ.આઈ. કોર્પોરેશનમાંથી લાભ મળે છે. એ વાત ખરી છે કે કામ કરવા સક્ષમ છુ તે અંગેનું સીવીલ સર્જનનું પ્રમાણ પત્ર આજદિન સુધી રજુ કરેલ નથી.''*

**(૧૦.૩)** અરજદારને કરવામાં આવેલી કહેવાતી છટણી ખરેખર છટણી છે કે કેમ ? તે જોઈએ તો કલમ–૨(૦૦) માં છટણીની વ્યાખ્યામાં આપવામાં આવેલી છે.

**<u>૨(૦૦) – છટણી :</u>**

છટણી એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણોસર માલીકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તી, પણ તેમાં નીચેની બાબતોનો સમાવેશ થતો નથી.

**(એ) ××××**

**(બી) ××××**

**(બીબી) ××××**

**(સી) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તી**

અરજદારે તેના માંગણા નિવેદન તથા આંક–૨૨ ના પુરાવામાં જણાવેલું છે કે, બીમારીના કારણસર તેઓ ફરજ ના બજાવી શકે તેમ ન હોવાના અને મેડીકલ પુરાવો રજુ કરવા છતાં મંડળીએ કામદારને હાજર કરેલા નહી. આમ અરજદાર પોતે જ જણાવે છે કે, તેમની બીમારીના કારણે તેઓ ફરજ બજાવી શકે તેમ ન હતા અને આ બાબતે તેઓએ મેડીકલ

પુરાવા પણ રજુ કરેલા. જેથી જો કામદાર માંદગીના કારણોસર ફરજ બજાવી શકે નહી તો તેનો સમાવેશ છટણીની વ્યાખ્યામાં થતો નથી. નામ. સુપ્રિમ કોર્ટે **<u>એ.આઈ.આર. ૧૯૯૧, સુ.કો. પાના નં.૧૦૦૩, આનંદ બીહારી અને બીજાઓ વિ. રાજસ્થાન સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન</u>**ના ચુકાદામાં ઠરાવેલું છે કે, .........

There is no dispute before' us that the only sub-clause of the definition which can cover the present termination of service is sub-clause (c). There was some debate before us as to the exact import of the expression "continued ill-health". While it was urged on behalf of the workmen that ill-health which is spoken of there does not cover the cases of a loss of a limb or an organ or of its permanent use, and covers cases only of a general physical or mental debility or incapacity to execute the work, the argument on behalf of the Corporation was that it would include also cases of a permanent loss or incapacity of a limb or an organ such as eye or eye-sight, ear or hearing capacity, of hand or leg etc. which is necessary for discharging the duty in question. For this purpose, reliance was placed on behalf of the Corporation on a decision of this Court in Workmen of the Bangalore Woollen, Cotton and Silk Mills Co. Ltd. V/s. Its Management ((1962) 1 LLJ 213). In that case the Court while interpreting the definition of retrenchment has held as follows:-

"The definition, "retrenchment" in sec. 2(oo) of the Act means termination of service. A service cannot be said to be terminated unless it was capable of being continued. If it is not capable of being continued, that is to say, in the same manner in which it had been going on before, and it is, therefore, brought to an end, that is not a termination of the service. It is the contract of service which is terminated and that contract requires certain physical fitness in the workmen. Where therefore a workman is discharged on the ground of ill health, it is because he was unfit to discharge the service which he had undertaken to render and therefore it had really come to an end itself. That this is the idea involved in the definition of the word "retrenchment" is also supported by sec. 25G of the Act which provides that

whereas any workmen are retrenched, and the employer proposes to take in his employ any person, he shall give an opportunity to the retrenched workmen to offer themselves for re-employment and the latter shall have preference over other persons in the matter of employment. Obviously, it was not contemplated that one whose services had been terminated on grounds of physical unfitness or ill-health would be offered reemployment; it was because his physical condition prevented him from carrying out the work which he had been given that he had to leave and no question of asking such a person to take up the work again arises. If he could not do the work, he could not be offered employment again. It would follow that such a person cannot be said to have been retrenched within the meaning of the Act as amended by the Ordinance

**7**. In the view we have taken of the said sub-clause, it is obvious that the termination of the services of the workers in the present case being covered by sub-clause (c) of S. 2(oo) would not amount to retrenchment within the meaning of S. 2(oo) of the Act. Hence, the termination per se is not illegal.

**(૧૦.૪)** આમ, અરજદારના ખુદના પુરાવા પ્રમાણે તેણે સંસ્થાના જે–જે ગ્રાહકો હોય તે સ્થળે જઈને સી.એન.જી. પેટ્રોલ પંપના રીપેરીંગનું કામ કરોવાનુ હતું અને તે કામ માટે તેઓ વાપી ગયેલા અને પરત ફરતા ટ્રેનના ડબ્બાના પગઠીયેથી પગ સ્લીપ થતા ડાબા પગ ઉપર ટ્રેનનું વ્હીલ ફરી જતા ડાબો પગ ગુઠણ નીચેથી કપાઈ ગયેલો. આમ, અરજદાર જે કામગીરી કરતા હતા તે માટે બહારગામ વારંવાર જવુ પડે અને ઉભા રહીને જ તે કામગીરી કરવાની થાય. વધુમાં અરજદારે એ પણકબુલ રાખેલ છે કે તેણે આજદિન સુધી પોતે જે ફરજ બજાવતા હતા તે કામ કરવા સક્ષમ છે તે અંગેનુ તબીબી પ્રમાણપત્ર આજદિન સુધી રજુ કરેલ નથી. તેથી નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદા પ્રમાણે તથા ઔ.વિ.ધારાની કલમ–૨(૦૦) (સી) ની જોગવાઈ મુજબ છટણી ગણાય નહી. વધુમાં એ પણ નોંધપાત્ર છે કે સામાવાળાના કથન પ્રમાણે તેઓએ અરજદારને છુટા કરેલ નથી. પરંતુ અરજદાર જે કામ કરતા હતા તે કામ કરવા માટે સક્ષમ છે તે અંગેનું પ્રમાણપત્ર રજુ કરેલ નહી.

આમ ઉપરોકત ચુકાદાથી પણ એ સ્થાપિત થાય છે કે, અરજદારની છટણી કરવામાં આવેલી નથી. જેથી પણ હાલનો રેફરન્સ ટકવાપાત્ર થતો નથી.

**(૧૧)** આમ, જયારે અરજદાર ઉપરોકત હકીકતે અને સ્થાપિત થયેલ સિઘ્ધાંત અનુસાર જયારે દાદ મેળવવા જ હકકદાર ન હોય તથા અરજદારની છટણી થયેલી ન હોય, ત્યારે મુદા નં.૧ અને મુદ્દા નં.(૨) નો જવાબ ''**નકાર**''માં હોય, મુદ્દા નં.(૩) અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: <u>હુકમ</u> :**

અરજદારનો હાલનો રેફરન્સ કેસ આથી ના–મંજુર યાને રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૦૬/૦૯/૨૦૨૩
**સુરત**

**(ઘનશ્યામ જયંતભાઈ થોરીયા )**
પ્રિસાઈડીંગ ઓફિસર
મજૂર અદાલત,
**GJ00842**